# દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા નવા કીર્તિમાનની સ્થાપના



ગાંધીનગર, તા. ૧૪
દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની આર્ટ ક્લબના ૨૫૧ વિદ્યાર્થીઓએ સતત છ કલાકની જહેમતથી સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો જેવા વિષયો પર પેઇન્ટિંગ બનાવીને ચૅમ્પિયન બુક ઑફ વર્લ્ડ રેકર્ડ બનાવ્યો છે, જે કોઈપણ શાળા દ્વારા નોંધાયેલ પ્રથમ કીર્તિમાન છે.

સ્કૂલને ઍવોર્ડ સર્ટિફિકેટ એનાયત કરવા માટેના સમારોહમાં એલ ડી મ્યુઝિયમ અને એન સી મહેતા આર્ટ ગેલેરીના ડિરેક્ટર પ્રો. રતન પરીમુ અને ડીપીએસ ગાંધીનગરનાં ડિરેક્ટર રાની ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓને તથા આર્ટ વિભાગના શિક્ષકોને આચાર્ય અતનુ રથે અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મોટા પ્રમાણમાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યા હતા.

### અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા
# મૅનેજમૅન્ટ ઍક્સપર્ટ લૅક્ચરનું આયોજન કરાયું





ગાંધીનગર, તા. ૧૪
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા મેનેજમેન્ટ વિષયમાં ઍક્સપર્ટ લૅક્ચરનું આયોજન બ્રહ્માણી કૃપા હૉલ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં બીકોમના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિષય નિષ્ણાત તરીકે જાણીતા ફ્રી લાન્સર અને મોટીવેશનલ સ્પીકર રીચાર્ડ બહુલિયન દ્વારા 'કેસ સ્ટડી ઓન જેટ ઍરવેઝ ઍન્ડ કિંગ ફિશર ઍરલાઈન્સ' અંગે ઝીણવટભરી છણાવટ કરવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને રસ પડે એ રીતે ઉદાહરણ આપીને આખો કેસ સ્ટડી રસપ્રદ રીતે રજૂ કર્યો હતો, જેથી વિદ્યાર્થીઓ કૉમર્સ વિષયનાં વ્યાવહારિક પાસાઓને સમજી ને વિશિષ્ટ પ્રોજેક્ટની તૈયારી કરી શકે અને ધંધાની મુશ્કેલીઓમાં કેમ ટકી રહેવું અને કેવી રીતે બહાર આવવું તે સમજી શકે. કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલ લેન્ડે દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્યએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહ પૂરું પાડ્યું હતું.

## જન્મદિને વધામણી



માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦



જીયાન સજ્જાદહુસેન શેખ



વેદકુમાર સચિનભાઈ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬

# આરાધના વિદ્યાવિહારમાં વાલીમીટિંગ યોજાઈ






વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) ખાતે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓ અને શિક્ષકો દ્વારા બાળકોને શ્રેષ્ઠતા તરફ લઈ જવા સમૂહ ચિંતન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમર ડ્રીંક બનાવવાની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી, જેમાં વાલીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પ્રમાણપત્ર મેળવ્યાં હતાં.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન
# ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન ખાતે જોડણીના નિયમો વિશે કાર્યશિબિર



ગાંધીનગર, તા. ૧૪
કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિવિધ શાળાઓના ગુજરાતી વિષયના શિક્ષકો અને બીએડ કોલેજના તાલીમાર્થીઓ વ્યાકરણથી સજ્જ થાય તે હેતુથી જોડણીના નિયમો વિશે કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલાં ડૉ. હિનાબેન મહેતાએ જોડણી કોશ વિશે માહિતી આપી, શબ્દોની ગોઠવણી, શબ્દોનું ઉચ્ચારણ, શબ્દોની જોડણીના નિયમોની સમજ ઉદાહરણ સહિત આપી હતી.

નર્સિંગ કૉલેજના ડિરેક્ટર ડૉ. આર જે વ્યાસ, એસ એસ પટેલકોલેજ ઓફ એજ્યુકેશનના એચઓડી ડૉ. જિજ્ઞાસાબેન જોશી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થા વતી પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ આભાર દર્શન કર્યું હતું.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બાલમંદિરમાં ગૌરીવ્રતની ઉજવણી





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે ગૌરીવ્રતની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાલિકોએ જાતે જવારા વાવ્યા અને સુંદર વસ્ત્રોમાં સજી ગોરમાનું પૂજન કર્યું હતું. માથે જવારા મુકીને ગરબા ગાઈ આનંદભેર તેમે ગૌરીવ્રતની ઉજવણી કરી હતી.

# ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જે બી સ્કૂલનો તારક ઝળહળ્યો



ગાંધીનગર, તા. ૧૪
અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સારા સંસ્કારનું સિંચન થાય, તેઓ ભારતીય સંસ્કૃતિથી માહિતગાર થાય અને જીવનચક્રમાં કુસંસ્કાર તથા કુટેવોથી દૂરરહે અને તેમનામાં અસમાજાકિ તત્ત્વો, દૂષણોનો પ્રવેશ ન થાય તે હેતુસર શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાંથી ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો. જે પૈકી પ્રિયાંશુ ભાવેશકુમાર પનારાએ સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાંતિકુંજ તરફથી સ્કુલ બેગ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો છે.

આચાર્ય નીવાબેને શાળા પરિવાર વતી પ્રિયાંશુ ઉપરાંત આ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સરસ્વતી વિદ્યાલયમાં સ્વાવલંબન કાર્યપ્રવૃત્તિ





સરસ્વતી વિદ્યાલયના ધોરણ-૫થી ૭ના વિદ્યાર્થીઓ માટે બટન ટાંકવાની અને હાથ સિલાઈ કરવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. શિક્ષક પારૂલબેન અને કલ્પનાબેનના માર્ગદર્શન હેઠળ આ પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. ઉપરાંત ધોરણ-૧થી ૪ના વિદ્યારથીઓ શિક્ષક તરુણાબેન અને ભાગ્યશ્રીબેનના માર્દર્શનમાં રંગબેરંગી કાગળોમાંથી આકર્ષક નમૂના બનાવતા શીખ્યા હતા.


## આશ્રમની ઝાંખી

મજૂરના કારણને આગળ ચલાવતા પહેલાં આશ્રમની ઝાંખી કરી લેવાની આવશ્યકતા છે. ચંપારણમાં રહેતો છતો આશ્રમને હું વીસરી શકતો નહોતો. કોઈ કોઈ વાર ત્યાં આવી પણ જતો.

કોચરબ અમદાવાદની પાસેનું નાનકડું ગામડું છે. અને આશ્રમનું સ્થાન એ ગામમાં હતું. કોચરબમાં મરકીએ દેખાવ દીધો. બાળકોને હું તે વસ્તીની મધ્યે સુરક્ષિત નહોતો રાખી શકતો. સ્વચ્છતાના નિયમો ગમે તેટલા સાવધાનીથી પાળાતાં છતાં, આસપાસની અસ્વચ્છતાથી આશ્રમને અલિપ્ત રાખવું અસંભવિત હતું. કોચરબના લોકોની પાસે સ્વચ્છતાના નિયમોનું પાલન કરાવવાની અથવા તેમની આવે સમયે સેવા કરવાની અમારી શક્તિ નહોતી. અમારો આદર્શ તો એ હતો કે, આશ્રમ શહેર અથવા ગામથી અલગ રાખવું, છતાં એટલું દૂર નહીં કે ત્યાં પહોંચતા બહુ મુશ્કેલી પડે. કોઈક દિવસ તો આશ્રમ આશ્રયરૂપે શોભે તે પહેલાં તેને પોતાની જમીન પર ને ખુલ્લી જગ્યામાં સ્થિર થવાનું હતું જ.

મરકીને મેં કોચરબ છોડવાની નોટિસરૂપે ગણી. શ્રી પૂંજાભાઈ હીરાચંદ આશ્રમની સાથે ઘણો નિકટનો સંબંધ રાખતા, ને આશ્રમની ઝીણીમોટી સેવા શુદ્ધ, નિરભિમાન ભાવે કરતા. તેમને અમદાવાદના વહીવટનો બહોળો અનુભવ હતો. તેમણે આશ્રમને સારુ જોઈતી જમીન તરત શોધી લાવવાનું બીડું ઝડપ્યું. કોચરબની ઉત્તર દક્ષિણનો ભાગ હું તેમની સાથે ફર્યો. પછી ઉત્તર તરફ ત્રણ ચાર માઈલ દૂર ટૂકડો મળે તો શોધી લાવવાનું મેં તેમને સૂચવ્યું. હાલ જ્યાં આશ્રમ છે તે જમીન તેઓ શોધી લાવ્યા. તે જેલની નજદીક છે એ મારે સારુ ખાસ પ્રલોભન હતું. સત્યાગ્રહ આશ્રમવાસીને કપાળે જેલ તો લખી જ હોય એવી માન્યતા હોવાથી જેલનો પડોશ ગમ્યો. (ક્રમશઃ)

150 ગાંધીયાત્રા



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# ધણપની સરસ્વતી ઈન્સ્ટીટ્યુટમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



સરસ્વતી ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ, ધણપના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો આરંભ સંસ્થાના પ્રમુખ કે જી પટેલના હસ્તે વૃક્ષારોપણથી કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ જેટલાં મેડિસિનલ અને બગીચાનાં રોપાંનું આરોપણ કરવામાં આવ્યું હતું.

# શેઠ સી ઍમ હાઈસ્કૂલ ખાતે વાલીઓ માટે શૈક્ષણિક સંકલન શિબિર યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૧૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૯,૧૦ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે શૈક્ષણિક સંકલન શિબિરનું આયોજન ખીમજી વિસરામ હોલમાં કરવામાં આવ્યું હતું.

શિબિરની શરૂઆત વંદનાબેન મેવાડા દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. ચેતનાબેન બુચ દ્વારા વાલીઓને ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનાં ઉજ્જવળ પરિણામ માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સુપરવાઈઝર કનુભાઈએ પરીક્ષાલક્ષી સૂચનો કર્યાં હતાં. શિક્ષક સંજયભાઈ પટેલે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી બદલાયેલ પરિરૂપની રજૂઆત કરી હતી. ધોરણ-૧૦માં નવી ગુણાંકન પદ્ધતિની સંપૂર્ણ સમજૂતી તેમણે વાલીઓને આપી હતી. મહેશભાઈ વડાલિયાએ વિદ્યાર્થી જીવનમાં શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું હતું.

અંત ભાગમાં વાલીઓએ પણ પોતાનાં મંતવ્યો અને સૂચનો શાળાને આપ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વંદનાબેન મેવાડા અને સુનિલભાઈ દવે દ્વારા તથા આભાર વિધિ લાભુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી.